MUM 52 G-4

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને
વર્ગ-૩ના તમામ સંવર્ગોની જગ્યાઓ
પરની ભરતીની અને ખાતાકીય
પરીક્ષાઓની કામગીરી સોંપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ કપઅ-૧૦૯૭-મુમ-૫૨-ગ.૪,
સચિવાલય, ગાંધીનગર.
તા. -૧૨-૨૦૦૧.

// પરિપત્ર //

12 DEC 2001

આ વિભાગના તા. ૨૭-૭-૯૯ના સરખા ક્રમાંકના ઠરાવથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓમાં વર્ગ-૩ની તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ યોજવાની સઘળી કામગીરી સોંપવામાં આવી છે. આ ઠરાવને અનુલક્ષી ખાતાકીય પરીક્ષાઓ યોજવા અંગે જુદા જુદા વિભાગો તરફથી મળેલ રજૂઆતો વિચારણામાં લઈ સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓ માટે વર્ગ-૩ની તમામ ખાતાકીય પરીક્ષાઓ લેવાની કામગીરીની વ્યવસ્થા આ વિભાગનો તા. ૨૭-૭-૯૯નો ઠરાવ થવાના થયા પહેલાંની જેમ તા.૩૦-૬-૨૦૦૦ સુધી યથાવત રાખવાની સૂચના આ વિભાગના તા. ૧-૨-૨૦૦૦ના સરખા ક્રમાંકના પરિપત્રથી આપવામાં આવી હતી. જે છેલ્લે આ વિભાગના સરખા ક્રમાંકના તા.૨૬-૯-૨૦૦૧ના પરિપત્રથી લંબાવીને તા.૩૦-૬-૨૦૦૧ કરવામાં આવેલ હતી.

૨. આ વિભાગના તા.૨૬-૯-૨૦૦૧ના સરખા ક્રમાંકના પરિપત્રમાં જણાવ્યા મુજબ સચિવાલયના વિભાગો, ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓ જે નિયમો હેઠળ ખાતાકીય પરીક્ષાઓ યોજતા હોય તે નિયમોમાં આ ખાતાકીય પરીક્ષાઓ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ લઈ શકે તે માટે જરૂરી સુધારાઓ સચિવાલયના ઘણા વિભાગો/ ખાતાના વડાઓ દ્વારા હજુ બહાર પાડી શકાયા નથી અને તેથી આ કામગીરી મંડળ હજુ હાથ ધરી શકે તેમ નથી. આ સંજોગોમાં આ બાબતમાં હવે નીચે મુજબની કાર્યવાહી કરવા સચિવાલયના સર્વે વિભાગો અને તેમની હેઠળના ખાતાના વડાઓને સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) વર્ગ-૩ની તમામ જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓ લેવાની કામગીરી આ વિભાગના તા.૨૭-૭-૯૯નો ઠરાવ થવાના થયા પહેલાંની વ્યવસ્થા મુજબ જે તે સચિવાલયના વિભાગોએ/ ખાતાના વડાની કચેરીઓએ તા.૩૦-૬-૨૦૦૨ સુધી યથાવત ચાલુ રાખવી.

(૨) સચિવાલયના વિભાગોએ/ ખાતાના વડાની કચેરીઓ અને જિલ્લા કચેરીઓ વર્ગ-૩ની જગ્યાઓની ખાતાકીય પરીક્ષાઓના જે નિયમો હેઠળ યોજવા/ લેવા થાય છે તે નિયમોમાં ઉક્ત ખાતાકીય પરીક્ષાઓ " ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા યોજવા/ લેવામાં આવશે " તે મુજબનો જરૂરી સુધારો કરી થયેલ સુધારાઓની નકલો સામાન્ય વહીવટ વિભાગ અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોડામાં મોડા તા. ૩૧-૧-૨૦૦૨ સુધીમાં અચૂક મોકલી આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એમ.સદાદીયા)
ઉપ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
- રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

MUM 52 G-4

- ➢ વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ × સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ➢ × સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➢ × સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ➢ × સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ , ગાંધીનગર.
- ➢ × રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ➢ × સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ➢ × સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર. ( ૧૦ નકલો સાથે )
- ➢ સચિવાલયના સર્વે વિભાગો ( ૧૦ નકલ સાથે )
- ➢ સર્વે ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
- ➢ નિવાસી આયુક્તની કચેરી, ગુજરાત રાજ્ય, નવી દિલ્હી,
- ➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી (૧) ઓડિટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- ➢ એકાઉન્ટન્ટ જનરલશ્રી (૨) ઓડિટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- ➢ પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- ➢ રાજ્ય સરકારના હેઠળના સર્વે માન્ય મંડળો.
- ➢ સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- ➢ પસંદગીની ફાઈલ.
- ➢ <u>મદદનીશની સિલેક્ટ ફાઈલ</u>

× પત્ર દ્વારા